ગાંધીનગર સમાચાર

તા. ૩૧-૫-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

નીંભર બેજવાબદારી દાખવતી નેતાગીરી

છેલ્લા કેટલાક દિવસોથી દેશ આખો નકસલવાદી આતંક અને ક્રિકેટ ફિકિસંગ જેવા મામલાઓમાં અટવાઈ પડ્યો છે. સમસ્યાની રજૂઆત થતી રહે છે પરંતુ ઉકેલની દિશામાં કશી નક્કર કામગીરી દેખાતી નથી. જેમના શિરે આ સમસ્યાઓના ઉકેલની નૈતિક જવાબદારી છે તેવા નેતાઓ એક યા બીજા બહાને પોતાની ખાલ બચાવતા જોવા મળ્યા છે. આક્ષેપ- પ્રતિઆક્ષેપથી આગળ એમને કંઈ સૂઝતું નથી. ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે ઘટના બન્યા પછી પણ એમના અમેરિકાપ્રવાસમાં મસ્ત અને વ્યસ્ત છે. તો વડાપ્રધાન મનમોહનસિંહ પણ વિદેશયાત્રા પર ઊપડી ગયા છે. છત્તીસગઢના હુમલામાં મળેલી સફળતા પછી નકસવાદીઓ તાનમાં આવી ગયા છે. ધાર્યા નિશાન પાડવામાં એમને સતત એકધારી સફળતા સાંપડતી રહી છે. આ સમસ્યા સામાન્ય પ્રજાકીય વિદ્રોહથી શરૂ થઈ હતી. પોતાનાં સ્રોતોનો પોતાને લાભ નહીં મળતો હોવાની એમની વાત ખોટી પણ નહોતી. એ સમસ્યાનો આર્થિક, સામાજિક અને રાજકીય સ્તરે વેળાસર ઉકેલ આણવાને બદલે કેન્દ્ર તથા રાજય સરકારોએ એને ચૂંટણીલક્ષી મુદ્દામાં પ્રયોજીને અધ્ધર લટકાવી દેતાં દેખીતી રીતે જ નકસવાદી તત્વોને પોતાની તાકાત વધારવાની તક સાંપડતી રહી છે. એમનું એક સમાંતર શાસન જ શરૂ થઈ ગયું છે. પરિણામે સત્તાધારી કે વિપક્ષી નેતાઓને ઝારખંડ, બિહાર, ઓડિશા, છત્તીસગઢ અને પશ્ચિમબંગ કે આંધ્રપ્રદેશ જેવાં રાજ્યોના નકસલ પ્રભાવિત વિસ્તારોમાં આ દબંગ તત્વો સાથે સાંઠગાંઠ કરીને ચાલવાની ફરજ પડે છે. એમના સહકાર વગર ચૂંટણી જીતી શકાતી નથી. અજિત જોગી જેવા નીવડેલા આદિવાસી નેતા માટે સુકમા પંથકનો લખમા જેવો અભણ કાર્યકરએ વિસ્તાર માટે ખૂબ મદદરૂપ સાબિત થાય છે.લખમાએ કોગ્રેંસરેલીનો નિર્ધારિત રૂટ બદલાવવામાં અગત્યનો પાઠ ભજવ્યો હોવાનું કહેવાય છે. એક વિડિયોમાં ડઘાઈ ગયેલા લખમાને કોગ્રેંસના વરિષ્ઠ નેતા ચરણદાસ મહંત ઠપકો આપતા દર્શાવાયા છે. પ્રદેશ પ્રમુખ તરીકે નોંધપાત્ર કામગીરી બજાવનાર નંદકુમાર પટેલ છત્તીસગઢમાં ભાવિ મુખ્યમંત્રી તરીકે ઊપસી રહ્યા હતા. અજિત જોગીના વિરોધીઓએ આ આખો કાંડ પાર પાડવામાં અજિત જોગી અને એમના વિશ્વાસુ ધારાસભ્ય- સાથી લખમાનો હાથ હોવાનો સંદેહ વ્યકત કર્યો છે. ખુદ લખમાએ કાફલામાં સામેલ હતા છતાં નકસલવાદીઓએ એમનો વાળ વાંકો ન કર્યો, તે બાબત ચર્ચાસ્પદ બની ગઈ છે. નંદકુમાર પટેલને પોતાના માર્ગમાંથી દૂર કરવા માટે કોગ્રેંસના જ નેતા- છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી અજિત જોગીએ આ કાવતરું કરાવ્યું હોવાનો ગંભીર આક્ષેપ થઈ રહ્યો છે, તો સામે પક્ષે કોગ્રેંસના પ્રવકતા ભકતચરણ દાસથી માંડી મધ્યપ્રદેશ કોગ્રેંસના કર્ણધાર કાન્તિલાલ ભૂરિયાએ સીધો જ ભાજપની રાજયસરકાર પર કોગ્રેંસ નેતાગીરીનો સામૂહિક ખાત્મો બોલાવી દેવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. રાજય અને કેન્દ્ર સરકારે આવી આઘાતજનક ઘટનાના મૂળ સુધી ઊંડા ઊતરી એનું સાચું કારણ શોધી કાઢવું જોઈએ. કમનસીબે તપાસ શરૂ થાય તે પહેલાં જ આખી વાત આડે પાટે ચડાવાઈ રહી છે. મુખ્યમંત્રી ડૉ. રમણસિંહે સુરક્ષા મુદ્દે ચૂક થયાની વાત સ્વીકારી લીધી છે, પરંતુ કોગ્રેસી નેતાઓએ એમની 'સર્વદલીય' બેઠકનું નોતરું ઠુકરાવી દીધું છે. કાન્તિલાલ ભૂરિયાએ તો રમણસિંહ વિરુદ્ધ નર્યો કાદવ જ ઉછાળ્યો છે. એમણે જાહેર નિવેદન કરી રમણસિંહે જ આ કાવતરું કરાવ્યું હોવાનું પ્રતિપાદિત કરવા પ્રયાસ કર્યો છે. ઘટના ચાલુ હતી તે સમયે ડૉ. રમણસિંહને એક એક બાબતની જાણ કરાઈ રહી હોવાનું અને ખુદ રમણસિંહએ સમાચાર હરખપદૂડા બની ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહને પહોંચાડતા હોવાનું સનસનાટીભર્યું નિવેદન કરીને પૂર્વ કેન્દ્રીય મંત્રી કાન્તિલાલ ભૂરિયાએ ફકત રાજકીય આગેવાનોને જ નહીં બલકે દેશના પ્રબુદ્ધ નાગરિકોને અચંબામાં મૂકી દીધા છે. કેન્દ્ર સરકારે નીમેલી 'ઍનઆઈએ' તપાસ ટીમ આખી ઘટનાનું સત્ય અને તથ્ય બહાર આણે ત્યારે ખરી; હાલ પૂરતા તો આપણે આ રાજકારણીઓનાં પરસ્પર વિરોધાભાસી નિવેદનો સાંભળીને પીડા જ અનુભવવી રહી.

CBSE ધો.૧૦નું ગુજરાતનું ૯૯.૧૪ ટકા પરિણામ જાહેર

મોટાભાગની શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા : ગુજરાતમાં ઉંચુ પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાયોઃ રાજ્યના ૪૦૫૦૧ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા

અમદાવાદ, તા.૩૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડનું ધોરણ-૧૦નું ૯૮.૭૬ ટકા જેટલું ઉંચુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં પણ ૯૯.૧૪ ટકા જેટલું ઉંચુ પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તેમાંય રાજયની મોટાભાગની સીબીએસઈ શાળાઓના તમામ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થવામાં સફળ રહેતા શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ માર્ચ-એપ્રિલ-૨૦૧૩ દરમિયાન સીબીએસઈ બોર્ડની પરીક્ષા લેવાઈ હતી. જેમાં દેશના ૧૨.૫૭ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ગુજરાતના ૪૦૯૨૪ વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપી હતી. જેનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રાજયના ૪૦૫૦૧ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થવામાં સફલ રહેતા રાજ્યનું ૯૯.૧૪ ટકા જેટલું ઉંચુ પરીણામ આવ્યું છે. મોટાભાગની સીબીએસઈ સ્કુલોનું પરિણામ ૧૦૦ ટકા જાહેર થયું હતું. આ શાળાઓના ઘણાં વિદ્યાર્થીઓથી હાઈએસ્ટ કહેવાય તે ૧૦ સીજીપીએનો સ્કોર મેળવવામાં સફળ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૧૦ સીજીપીએ ૯૦ થી ૧૦૦ ટકા મેળવનાર વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. ધોરણ-૧૦ સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં લગભગ મોટાભાગના વિદ્યાર્થીઓ ઉંચી ટકાવારી સાથે પાસ થવામાં સફળ રહેતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. ગુજરાતમાં એવું પ્રથમ વાર જોવા મળી રહ્યું છે કે, સીબીએસઈ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા આવનાર લગભગ તમામ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થવામાં સફળ રહ્યા છે.

વિદ્યાર્થીઓના ધસારાથી CBSE સાઈટ હેન્ગ થઈ

અમદાવાદ, તા.૩૦

ધોરણ-૧૦ સીબીએસઈ બોર્ડનું પરિણામ આજે ૧૦ કલાકે જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ વિદ્યાર્થીઓને આજે સવારથી જ પરિણામ જોવામાં મુશ્કેલી પડતી હોવાનું બહાર આવ્યું હતું. વેબસાઈટ પર વિદ્યાર્થીઓનો ધસારો વધી જતા સીબીએસઈની વેબસાઈટ હેંગ થઈ ગઈ હતી. જેના કારણે વિદ્યાર્થીઓ વેબસાઈટ ઉપર પરિણામ જોઈ શક્યા ન હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન દ્વારા આજે ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ સવારે ૧૦ કલાકે સીબીએસઈ બોર્ડ દ્વારા જેવું પરિણામ વેબસાઈટ ઉપર મુકાઈ કે વિદ્યાર્થીઓના ધસારાના કારણે વેબસાઈટ હેંગ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. જેના કારણે વિદ્યાર્થીઓને ધોરણ-૧૦નું પરિણામ જોવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી હતી. જોકે સીબીએસઈ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાણવા માટે બીજા ઓપ્શનોની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે નહીવત સંખ્યામાં વિદ્યાર્થીઓએ અન્ય ઓપ્શનોનો ઉપયોગ કર્યો હતો.

ઓછા વિદ્યાર્થી ધરાવતી ૧૩ હજાર શાળાઓ બંધ થઈ શકે

ઓછા વિદ્યાર્થીઓ હોય તેવી પ્રાથમિક શાળાઓને નજીકની શાળામાં ભેળવી દેવાશે

અમદાવાદ, તા.૩૦

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણનો ખર્ચ ઘટાડવાના પ્રયત્નો હાથ ધર્યા છે. જેનાં ભાગરૂપે જે પ્રાથમિક શાળાઓમાં ઓછા વિદ્યાર્થીઓ હોય તે શાળાઓને નજીકની બીજી પ્રાથમિક શાળાઓમાં ભેળવી દેવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે શિક્ષણ વિભાગે પૂરતી વિદ્યાર્થીઓ ન હોય તેવી શાળાઓનું એક લિસ્ટ બનાવ્યું છે. જેમાં રાજ્યના પુરતા વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે ૧૩૦૦૦ જેટલી શાળાઓ ડચકા ખાઈ રહી હોવાનું નોંધવામાં આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ જુન માસથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ શરૂ થવાનો છે. ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગે શિક્ષણમાં ખર્ચ ઘટાડવાના ઉદ્દેશ્યથી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તેવી શાળાઓની એક યાદી બનાવી છે. આ વખતે શિક્ષણ વિભાગે એવો માપદંડ અપનાવ્યો છે કે, જે પ્રાથમિક શાળાઓમાં ૧૦૦થી ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી શાળાઓને નજીકની અન્ય શાળાઓમાં ભેળવી દેવાની કવાયત હાથ ધરાઈ છે.

સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ વિભાગે જે માહિતી એકત્રિત કરી છે તેમાં રાજ્યભરમાં ૧૩૪૫૦ શાળાઓ એવી છે જે ૧૦૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ ધરાવે છે. આ શાળાઓ જિલ્લા પંચાયત કે અન્ય સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સંચાલીત છે. પરંતુ નાણાકીય ઉપલબ્ધતાના અભાવે તેનું સંચાલન મુશ્કેલ બની રહ્યું છે. કારણકે પ્રાથમિક શાળામાં ૧૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ હોવા છતા પણ શિક્ષકોને પગાર અને અન્ય ખર્ચાઓ પાછળ અંદાજે ૩૦ થી ૪૦ હજારનો ખર્ચ સરકારે કરવો પડે છે. આ અભિયાન માટે શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણ અધિકારીઓ પાસેથી તેમના વિસ્તારમાં ૧૦૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓની વિગત મેળવી હતી. આ ઉપરાંત આ શાળાઓને નજીકની કઈ શાળામાં ભેળવી શકાય જેના જવાબમાં શિક્ષણ વિભાગની જે માહિતી મળી છે તે મુજબ રાજ્યની ૩૩ હજાર પ્રાથમિક શાળાઓમાંથી ૧૩૪૫૦ શાળાઓ એવી છે કે, જેમાં ૧૦૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જ્યારે ૬૮૨૬ શાળાઓ એવી છે કે, જેમાં ૫૦ કરતા પણ ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૧૯૯૪ની બેચના સર્વ વિદ્યાલય કડીના વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

કડી સર્વ વિદ્યાલય ગાંધીનગરની ૧૯૯૪ની એસ.એસ.સી. બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સ્નેહમિલન ઈન્ફોસીટી કલબમાં યોજાયો હતો. ૫૦ વિદ્યાર્થીઓ તથા તત્કાલિન ગુરૂજનો સર્વ પ્રભુદાસ પટેલ, ભૂતપૂર્વ આચાર્ય બચુભાઈ પટેલ, હરીભાઈ, શ્રીકાંતભાઈ, જયોત્સનાબેન, કુમુદબેન, કોકીલાબેન વગેરે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. જૂની સ્મૃતિઓને સંસ્મરણોને તાજા કર્યા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઋણ ચુકવવા પ્રભુદાસભાઈ પટેલને અપીલ કરી હતી. દરેક ગુરુજનોને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા.

યુનિના ચીફ એકાઉટન્ટ મિનેશ શાહની વરણી રદ્દ કરી દેવાઈ

મિનેશ શાહની ખોટી રીતે નિમણૂંક થઈ હોવાથી નિમણૂંક રદ્દ કરવા માટે શિક્ષણ વિભાગે યુનિવર્સિટીને પત્ર પાઠવ્યો

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટીના ચિફ એકાઉટન્ટ ઓફીસર નિનેશ શાહની નિમણૂંક આજે રદ્દ કરવાનો યુનિવર્સિટી દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. મિનેશ શાહ ખોટી રીતે નિમણૂંક થઈ હોવાથી તેમની નિમણૂંક રદ્દ કરવા શિક્ષણ વિભાગે યુનિવર્સિટીને પરિપત્ર પાઠવ્યો હતો. જેના આધારે યુનિવર્સિટીએ આજે ચિફ એકાઉટન્ટ મિનેશ શાહની નિમણૂંક રદ્દ કરી નાખી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના ચિફ એકાઉટન્ટના પદ માટે ૨૦૦૩માં જાહેરાત આપવામાં આવી હતી. જેના માટે શૈક્ષણિક માપદંડ એકાઉન્ટ સાથે બીકોમ અને એમકોમ ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે માંગવામાં આવી હતી. જો કે યુનિવર્સિટીના તત્કાલિન ગૃહપતિએ એ સમયે આંકડાશાસ્ત્ર સાથે બીકોમ પાસ એવા મિનેશ શાહની ચિફ એકાઉટન્ટના પદે નિમણૂંક કરી હતી. જો કે અયોગ્ય ધોરણે નિમણૂંક થઈ હોવાથી તેની નિમણૂંક રદ્દ કરવા માટે ૨૦૧૦માં તકેદારી આયોગમાં અરજી કરવામાં આવી હીત.

તકેદારી આયોગે આ મામલાની તપાસ કરવાનો શિક્ષણ વિભાગે બે કોલેજના આચાર્યની તપાસ સમિતી રચી નિમણૂંક પ્રક્રિયાની તપાસ કરવાની જવાબદારી સોંપી હતી. તપાસ સમિતીએ પોતાના રિપોર્ટમાં મિનેશ શાહની અયોગ્ય ધોરમએ નિમણૂંક થઈ હોવાનો રિપોર્ટ શિક્ષણ વિભાગને કર્યો હતો. જેના આધારે શિક્ષણ વિભાગે યુનિવર્સિટીને પરિપત્ર પાઠવીને મિનેશ શાહની નિમણૂંક રદ્દ કરવા જણાવ્યું હતુ. જેના પગલે યુનિવર્સિટી દ્વારા ચિફ એકાઉટન્ટ મિનેશ શાહની નિમણૂંક રદ્દ કરવામાં આી છે.

આ અંગે યુનિવર્સિટીના પ્રવક્તા પ્રદિપ પ્રજાપતિએ જણાવ્યું હતુ કે તારીખ ૩૧ મે ૨૦૧૨ના રોજ શિક્ષણ વિભાગે યુનિવર્સિટીને પરિપત્ર પાઠવ્યો હતો જેમાં યુનિવર્સિટીના ચિફ એકાઉટન્ટ મિનેશ શાહની નિમણૂંક અયોગ્ય ધોરણે થઈ હોવાથી તેમની નિમણૂંક રદ્દ કરવા આદેશ કર્યો હતો. અને જો મિનેશ શાહની નિમણૂંક રદ્દ ન થાય તો યુનિવર્સિટીની ગ્રાન્ટ કાપવા જણાવ્યું હતુ. જેના પગલે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજે ચિફ એકાઉટન્ટ મિનેશ શાહની નિમણૂંક રદ્દ કરવામાં આવી છે.

ગાયત્રી શક્તિપીઠમાં ૧લી જૂને યોગ-ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

યોગ, ધ્યાન, પ્રાણાયામ દ્વારા તણાવ નિયંત્રણ તથા રોગના ઉપચાર વિગેરે અંગેની નિઃશુલ્ક શિબિરનું આયોજન શનિવાર તા. ૧ જૂનથી તા. ૧૦ જૂન સુધી દરરોજ સવારે ૭થી ૮.૧૫ કલાક સુધી શ્રી ગાયત્રી શક્તિપીઠ સેકટર-૧ના સ્થળે નિષ્ણાત યોગ નિરીક્ષક અશ્વિનભાઈ દવેના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ દિવ્ય જીવનસંઘ ગાંધીનગર શાખા અને ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાખવામાં આવેલ છે. જેનો લાભ લેવા યોગ સાધકોને અનુરોધ છે. સંપર્ક નં. ૯૮૨૪૦૫૫૧૮૭છે.

હિમાંશુભાઇનાં જીવનમાં નાટ્ય કલાનું મહત્ત્વ સવિશેષ રહ્યું છે, પોતાની કારકિર્દીમાં તેમણે ૭૦ કોમર્શીયલ નાટકોમાં અભિનયના અજવાળા પાથર્યા છે

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

મિયાં ફૂસકી, બકોર પટેલ, શકરી પટલાણી, વાઘજીભાઈ વકીલ, છેલ છબો, તભા ભટ્ટ, છકો-મકો... બાળ માનસ પર અંકિત થયેલા કેટકેટલા પાત્રો...! દરેક ને મનગમતા આ પાત્રો. એમાં ય જીવરામ જોષીના છકા-મકાને તો કેમ ભુલાય? ૧૯૮૮માં અમદાવાદ દૂરદર્શન પર પ્રસારિત થયેલ સર્વપ્રથમ બાળ સિરિયલ 'છકો-મકો' હતો. જે ૧૩ એપિસોડમાં પ્રસારિત થઈ હતી. અને મિત્રો, જાણો છો આ શ્રેણીનાં ૯૯ ટકા ના ટી.આર.પી.ને આજે પણ (૨૫ વર્ષ બાદ પણ) કોઇ બ્રેક કરી શક્યું નથી! ઘર ઘરમાં જાણીતી થયેલી આ શ્રેણીમાં 'મકા'ના મુખ્ય પાત્રમાં કોણે અભિનય આપ્યો હતો?

જી, હા આપણા ગાંધીનગરના લાડીલા કલાકાર હિમાંશુ ભચેચે મકાની ભૂમિકા ભજવીને પોતાના અભિનયથી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. આજે પણ ગાંધીનગર, અમદાવાદ કે આસપાસના રસ્તા પરથી હિમાંશુભાઈ નીકળે એટલે છકા-મકાના નામથી જ લોકો બોલાવે!

મકા ઉર્ફે હિમાંશુ ભચેચનો પરિચય મેળવીએ. જન્મ - અમદાવાદ, વતન જૂનાગઢ, જન્મદિન - અષાઢી બીજ, ૧૯૬૬, પિતા નરેન્દ્ર કુમાર ભચેચ, માતા - વનલીલાબેન. પિતાજી ૧૯૭૦થી જ ગાંધીનગર આવી વસ્યા. હિમાંશુનો ધો.૧ થી ૭ શાળાભ્યાસ સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં, ધો.૮તી ૧૦ માંગરોળ, શારદાગ્રામ ખાતે અને ત્યારબાદ ધો.૧૧-૧૨, સે.૧૬ની માધ્યમિક શાળામાં. પ્રાથમિક શાળાભ્યાસ કાળથી જ હિમાંશુને નાટક, સંગીત, નૃત્ય વિ. પ્રવૃત્તિઓનો ખૂબ શોખ. રંગભૂમિ સાથે સંબંધ બંધાયો ૧૯૭૫થી. સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. સે.૧૬ની શાળામાં દરરોજ સંમેલનમાં પ્રાર્થનામાં ધર્મેન્દ્ર તપોધન અને હિમાંશુ સાથે મળીને તબલા વગાડતા. તબલાવાદનના શોખને કારણે શાળામાં ભણતાં ભણતાં જ તબલામાં વિશારદની પદવી હિમાંશુ એ મેળવી! ગાંધીનગર જિલ્લા રાસ - ગરબા સ્પર્ધામાં ગાંધીનગરના અનેક ગ્રુપો સાથે હિમાંશુભાઈએ તાલ સંગત કરી છે.

હિમાંશુએ બાળવયે જ ગાંધીનગરમાં જયેશ હાથી, ભાનુભાઈ પંડ્યા, વિપીન પારેખ સાથે બાલ્કન-જી-બારી સાથે જોડાઇને જુદા જુદા નાના મોટા કાર્યક્રમોમાં ભાગ લઈને કલા સાધનાની શરૂઆત કરી. જેને તેમના બાળગોઠિયા આજે પણ યાદ કરે છે.

૧૯૭૫માં ૯ વર્ષની ઉંમરે જ ગુજરાતી ફિલ્મ ''પીઠી પીળી ને રંગ રાતો'' માં બાળ કલાકારની ભૂમિકા ભજવીને ફિલ્મ ક્ષેત્રે પગરવ કર્યા એટલું જ નહીં ગુજરાતી ફિલ્મ માટે શરૂ થયેલા ફિલ્મ ફેર એવોર્ડસની બાળ કલાકારની કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત કરીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું. બાળ કલાકાર હિમાંશુને નવાજવા માટેનું ફંકશન સે. ૨૨ ના રંગમંચ પર યોજાયું હતું.

૧૪ વર્ષની ઉંમરે રંગભૂમિ ક્ષેત્રે પાપા પગલી માંડનારા હિમાંશુ એ જાણીતા નાટ્યવિદ જશવંત ઠાકરના દિગ્દર્શનમાં 'સૂરજ ને પડછાયો' અને 'મા વિના સુનો સંસાર' માં ભૂમિકાઓ ભજવી. જાણીતા નાટ્યવિદ પ્રકાશ લાલાએ હિમાંશુના નાટ્યગુરૂ જેમની પાસેથી શિક્ષણ મેળવીને બાળ નાટકોમાં કામ કરીને હિમાશુંએ પોતાના નાટ્ય કારકિર્દીનો આરંભ કર્યો.

યુવાન હિમાંશુએ અભિનયની સાથે સાથે અનેક યુવા પ્રવૃત્તિઓ પણ શરૂ કરી. ઘનશ્યામ પટેલ, સંજીવ મહેતા, અતુલ વ્યાસ વિ. યુવા પ્રવૃત્તિઓના સક્રીય યુવકો સાથે મળીને સ્વ વિકાસ, યુવાનોમાં નેતૃત્વ વિ. વિષયો અંગે ગાંધીનગર શહેર યુવા સંગ, જેસીઝ વિ. સંસ્થાઓમાં હિમાંશુભાઈએ વિવિધ હોદ્દા પર રહીને સક્રીય ખેડાણ કર્યુ. સાથે સાથે કલાકાર હિમાંશુ પણ શહેર યુવા સંઘનાં વાર્ષિક ઉત્સવોમાં નાટકો તેમ જ સંગીતની પ્રવૃત્તિઓમાં ભાગ લઈને લોકપ્રિય કલાકાર બની રહ્યા.

આવા ઉભરતા કલાકાર હિમાંસુએ ૧૯૮૧માં કૃષ્ણકાન્ત જહા પ્રેરિત અને માર્ગદર્શિત રામાયણ અને ૧૯૮૨માં 'રામાયણ - કામાયણ' નૃત્ય નાટિકાઓમાં જુદા જુદા ચાર પાત્રોમાં અભિનય આપીને રામાયણના પાત્રોને જાણે કે સજીવન કર્યા! આમ ગાંધીનગરમાં હિમાંશુભાઈ લોકલાડીલા કલાકાર બની ગયા.

૧૯૮૨માં 'જ્ઞાનદિપ કલા વર્તુળ' સંસ્થા હિમાંશુભાઈએ મિત્રો દેવેન્દ્ર પુરોહિત, રાજેશ રાવલ, હીના ઉપાધ્યાય સાથે રહીને શરૂ કરી. સંસ્થા દ્વારા સર્વ પ્રથમ નાટક 'સૂર્ય વિનાનું આકાશ' રજૂ કરીને રાજય કક્ષાએ પ્રથમ ઈનામ મેળવ્યું. હિમાંશુભાઈ યુવક મહોત્સવમાં કાવ્ય પઠન, એક પાત્રીય અભિનય, નાટક, સમુહગીત વિ. સ્પર્ધાઓમાં ભાગ લઈને એક દાયકા સુધી સતત જિલ્લા અને રાજય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અથવા તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને યુવક મહોત્સમાં ગાંધીનગરનું વર્ચસ્વ જાળવી રાખ્યું.

હિમાંશુભાઈએ કૉલેજ કાળમાં પણ સે.૧૫ની વાણિજ્ય કૉલેજની અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. વાર્ષિકોત્સવમાં પ્રો. શૈલેષ મકવાણાના માર્ગદર્શનમાં ''ત્રણ ટિકીટ''નાટકમાં કરેલ અભિનયને આજે પણ મિત્રો યાદ કરે છે.

૧૯૮૭માં નાટ્ય દિગ્દર્શક અપ્સર સૈયદનું એ જમાનાનું શ્રેષ્ઠ કહી શકાય તેવું નાટક 'મહાભોજ'માં કામ કરવાની તક મળી અને સાથે સાથે નાટકોનું શિક્ષણ પણ મેળવ્યું. 'મહાભોજ'ની રજૂઆત સમયે નિર્ણાયક તરીકે ઉપસ્થિત વિનોદ જાની એ (પ્રિય પિયુને પાનેતર ફેઈમ) હિમાંશુભાઈની અભિનય ક્ષમતા જોઇને પોતાની ટીમમાં સામેલ કર્યા અને આમ હિમાંશુએ કોમર્શીયલ નાટ્યક્ષેત્રે પ્રવેશ કર્યો, અને અભિનય, બેક સ્ટેજ, સેટીંગ્સ, મેક અપ વિ. વિવિધ પાસાઓની વિનોદ જાની પાસેથી તાલીમ મેળવીને 'પ્રિત પિયુને પાનેતર'માં 'બાબા'ની ભૂમિકા બાવીસ વર્ષની ઉંમરથી ભજવવાની શરૂ કરી અને સમગ્ર ગુજરાત અને મુંબઈમાં કુલ ૭૦૦ થી વધુ શો કરીને બાબાભાઈએ રંગભૂમિ પર ડંકો વગાડી દીધો! જાણીતા ક્રિકેટર્સ કપિલદેવ અને સચિન તેંડુલકરે આ નાટક અનુક્રમે ૧૪ અને ૮ વાર માણ્યું હતું.

કોમર્શીયલ નાટકોની સાથે સાથે હિમાંશુભાઈને બાળવિકાસ પ્રવૃત્તિઓમાં પણ અનોખો રસ હોવાથી ૧૯૮૯માં બાળ શિક્ષણ સંસ્થા 'કિલકિલાટ'ની સ્થાપના કરી. આ સંસ્થાના નેજા નીચે ગાંધીનગરના બાળકોને ચાર વર્ષ સુધી તાલીમ આપી અને ''હલ્લા-ગુલ્લા'' કાર્યક્રમની હારમાળા સર્જી કિલકારી મચાવી દીધી! આ સંસ્થા દ્વારા નાટ્ય શિબિરો, બાળ મેળાઓ અને બાળકોને પ્રેરણાદાયક અનેકવિધ કાર્યક્રમો યોજયા.

સંગીત-નાટક-નૃત્ય, એમ ત્રિવિધ કલાના કસબી હિમાંશુભાઈએ ગાંધીનગરની વર્ષો જૂની ફિલ્મો ગીતો માટેની લોકપ્રિય સ્પર્ધા 'બેસ્ટ સિંગર ઓફ ધ સિટી'ની શરૂઆત મિત્ર સંજીવ મહેતા સાથે મળીને કરી હતી. છેલ્લા ૨૦ વર્ષથી પ્રતિ વર્ષ યોજાતી આ સ્પર્ધામાં હજારો કલાકાર યુવક-યુવતીઓએ ભાગ લઈને કોમર્શીયલ કાર્યક્રમોમાં ગાતા થયા જે એક નોંધપાત્ર સિદ્ધિ ગણાય. આ સ્પર્ધા આજે પણ ગાંધીનગરમાં ખૂબ જ લોકપ્રિય છે. હિમાંશુભાઈએ લાઈવ ફિલ્મ સંગીતના ૩૫ જેટલા કાર્યક્રમોમાં એનાઉન્સર તેમજ સુપરડુપર મિમિક્રી આર્ટીસ્ટ તરીકે ભાઈ લઈને લાખીઆ બ્રધર્સ, મુન્નાર શાહ, રંગરેજ મહેબૂબ વિ. જાણીતા ગ્રુપોનાં કાર્યક્રમોની સફળતાનો હિસ્સો બનેલ છે.

હિમાંશુભાઈનાં જીવનમાં નાટ્ય કલાનું મહત્ત્વ સવિશેષ રહ્યું છે. પોતાની કારકિર્દીમાં તેમણે ૭૦ કોમર્શીયલ નાટકોમાં અભિનયના અજવાળા પાથર્યા છે. આ એવરગ્રીન કલાકાર મુખ્યત્વે પ્રકાશ લાલા, અપ્સર સૈયદ, વિનોદ જાની, જશવંત ઠાકર, નિમેશ દેસાઈ, હરિન ઠાકર, જનક દવે, ચંદ્રકાન્ત ઠક્કર 'મેહ', અમીટ દિવેટીયા (મુંબઈ) જેવા દિગ્ગજ નાટ્ય દિગ્દર્શકો સાથે અને પદમારાણી, અરૂણા ઈરાની જેવા અનેક પ્રતિભાશાળી કલાકારો સાથે અભિનય આપીને નાટ્ય ભૂમિ પર છવાઈ ગયા.

ટેલિવિઝન પર પણ હિમાંશુભાઈએ અનેક શ્રેણીમાં કામ કર્યુ છે. મુખ્યત્વે છકો-મકો, અલમસ્ત કાકાની કમાલ, કાકા ચાલે વાંકા, કુંતી, મિયાં ફુસકી, વાર્તા રે વાર્તા, સાથ સંગાથ વિ. સિરિયલોમાં વિવિધ રોલ ભજવીને શ્રોતાઓનાં હૃદયમાં સ્થાન જમાવી રાખ્યું છે. રંગલાનું પાત્ર ભજવતા મોજીલા, મસ્તીલા હિમાંશુભાઈને માણવા તે લ્હાવો છે!

પંદરથી વધુ ગુજરાતી આલ્બમોમાં પણ હિમાંશુભાઈએ અભિનય આપ્યો છે. આલ્બમોની શરૂઆત કરવામાં ગાંધીનગરના દિગ્દર્શક મયુર મહેતાનો સવિશેષ ફાળો રહ્યો છે અને ફિલ્મો કેમ બાકી રહે? કુલ ૩૫ ફિલ્મોમાં પણ હિમાંશુ ભાઈએ અભિનય આપ્યો છે.

રંગભૂમિને પોતાનું સર્વસ્વ આપી દેનાર હિમાંશુભાઈને તેમની કારકિર્દીનું સૌથી લોકપ્રિય નાટક ''પ્રિત પિયુને પાનેતર'' માટે જાણીતા હાસ્ય કલાકરા રમેશ મહેતા અને જાણીતા ક્રિકેટર કપિલદેવના હસ્તે એવોર્ડ પ્રાપ્ત થયો હતો. હિમાંશુભાઈને ૨૦૧૦માં જનક દવે દિગ્દર્શિત નાટક 'ખુશ્નુમા ખયાલનો ખેલ' માટે નેશનલ સ્પર્ધામાં ભારત સરકારનો ''શ્રેષ્ઠ અભિનેતા''નો એવોર્ડ એનાયત થયો હતો.

૧૯૯૩ના વર્ષમાં હિમાંશુભાઈના નીતાબેન સાથે પ્રેમલગ્ન થયા. મહિલા પ્રવૃત્તિઓમાં અગ્રેસર નીતાબેન સંગીતમાં દિલચસ્પી ધરાવે છે. મહંમદ રફી સાહેબના ૩૫૦ થી વધુ ગીતો તેમને કંઠસ્થ છે. હિમાંશુભાઈની તમામ પ્રવૃત્તિઓમાં તેમનો હંમેશાં સાથ-સહકાર રહ્યો છે.

ગાંધીનગરમાં દર અષાઢી બીજના રોજ નીકળતી રથયાત્રામાં છેલ્લા ૨૫ વર્ષથી હિમાંશુભાઈ આગળ હોય જ!

બહુમુખી પ્રતિભા ધરાવતા હિમાંશુભાઈએ ફિલ્મો, કોમર્શીયલ નાટકો, આલ્બમો, ટી.વી. શ્રેણીઓમાં અભિનય આપીને તેમ જ બાળ કલાકાર તરીકે અભિનય શરૂ કરીને આજ સુધીમાં આ દરેક ક્ષેત્રે પોતાની મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરેલ છે. હજી બે-ત્રણ મહિના પહેલા જ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે રજૂ થયેલ હરિન ઠાકરના બાળ નાટક ''શુટીંગ શુટીંગ''માં પોતાના અભિનયથી પ્રેક્ષકોને ખળખળાટ હસાવનાર હિમાંશુ ભચેચ વર્ષો સુધી સૌને હસાવતાં રહે તેવી શુભેચ્છાઓ સાથે...